# Visit of External Affairs Minister to Kingdom of Bahrain (November 24-25, 2020)

November 25, 2020

## બહરેનનાં વિદેશ મંત્રીની મુલાકાત (નવેમ્બર 24-25, 2020)

નવેમ્બર 25, 2020

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે પોતાની બહરેનની બે-દિવસની અધિકૃત મુલાકાતનું આજે સમાપન કર્યું હતું. આ મુલાકાત દરમિયાન, તેઓએ બહરેનનાં ક્રાઉન પ્રિન્સ, ડેપ્યુટી સુપ્રીમ કમાન્ડર અને વડાપ્રધાન બહરેનનાં મહામહિમ પ્રિન્સ સલમાન બિન હમાદ અલ ખલિફા, અને બહરેનનાં ઉપ વડાપ્રધાન મહામહિમ શેખ અલી બિન ખલિફા અલ ખલિફાની મુલાકાત કરી હતી. તેઓએ તેઓનાં સમતુલ્ય એવા બહરેનનાં વિદેશ મંત્રી મહામહિમ ડૉ. અબ્દુલલતિફ બિન રાશિદ અલ ઝાયાની સાથે વાર્તાલાપ યોજ્યો હતો.

આગેવાનો સાથેની તેઓની મુલાકાત દરમિયાન, તેઓએ વ્યક્તિગત રીતે ભારતની સરકાર અને લોકો વતી બહરેનનાં ભૂતપૂર્વ વડાપ્રધાન મહામહિમ પ્રિન્સ ખલિફા બિન સલમાન અલ ખલિફાનાં દુઃખદ નિધન પર અંતઃકરણપૂર્વક સાંત્વના પાઠવી હતી. તેઓએ ભારત-બહરેનનાં સંબંધો મજબૂત કરવામાં અને બહરેનમાં રહેતા ભારતીય સમુદાયની સુખાકારી માટે સ્વર્ગસ્થ વડાપ્રધાન દ્વારા કરવામાં આવેલા યોગદાનને યાદ કર્યું હતું.

વિદેશ મંત્રીએ બહરેનમાં 300,000 કરતા વધારે પ્રબળ ભારતીય સમુદાયને રાખવા બદલ અને કોવિડ-19 મહામારી દરમિયાન આ સમુદાયની અદ્વિતિય સંભાળ લેવા બદલ બહરેનની આગેવાનોનો આભાર માન્યો હતો. બહરેનનાં આગેવાનોએ બહરેનનાં વિકાસમાં ભારતીય સમુદાયનાં યોગદાનની અને કોવિડ મહામારી દરમિયાન દવાઓ, તબીબી સાધનો અને તબીબી વ્યાવસાયિકો પૂરા પાડીને ભારત દ્વારા પ્રદાન કરવામાં આવેલી સહાયતાની પ્રશંસા કરી હતી. બન્ને પક્ષોએ તેઓનાં કોવિડ-સંબંધિત સહકારને વધારે મજબૂત કરવાની પુષ્ટિ કરી હતી. તેઓએ બન્ને દેશો વચ્ચે એર બબલ વ્યવસ્થા કાર્યરત કરવા પર પણ સંતોષ વ્યક્ત કર્યો હતો.

ડૉ. એસ. જયશંકરે બહરેનનાં વિદેશ મંત્રી સાથે પ્રતિનિધિમંડળ સ્તરનો વાર્તાલાપ યોજ્યો હતો. બન્ને મંત્રીઓએ દ્વિપક્ષીય મુદ્દાઓની સમગ્ર બાબતો તથા કોવિડ-બાદનાં પડકારોનો સામનો કરવા સહકાર અને સંકલન સહિત પારસ્પરિક હિતનાં પ્રાંતિય અને વૈશ્વિક મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેઓ સંરક્ષણ અને મેરિટાઈમ, અવકાશ ટેકનોલોજી, વ્યાપાર અને રોકાણ, આંતરમાળખા, આઈટી, ફિનટેક, આરોગ્ય, હાઈડ્રોકાર્બન અને રીન્યૂએબલ એનર્જી ક્ષેત્રો સહિત ઐતિહાસિક ભારત-બહરેન જોડાણો વધારે મજબૂત કરવા સંમત થયા હતા. વિદેશ મંત્રીએ આગામી અમુક મહિનાઓમાં 3જી ભારત-બહરેન હાઈ જોઈન્ટ કમિશનની બેઠકમાં મુલાકાત લેવા માટે બહરેના વિદેશ મંત્રીને ફરીથી આમંત્રણ પાઠવ્યું હતું.

આ મુલાકાત દરમિયાન, વિદેશ મંત્રીએ બહરેનમાં રહેલા ભારતીય સમુદાયનાં આગેવાનો સાથે વર્ચ્યુઅલ મોડમાં સંવાદ પણ કર્યો હતો. તેઓએ મનામા સ્થિત 200 જૂનાં શ્રીનાથજી (શ્રી કૃષ્ણ) મંદિરની મુલાકાત લીધી હતી. આ મંદિર અને તેની આસપાસ સ્થિત લિટલ ઈન્ડિયા દિર્ઘકાલીન ભારત-બહરેન મૈત્રીની સાક્ષિ પૂરે છે. તેણે બહરેનનાં રાષ્ટ્રિય સંગ્રહાલયની પણ મુલાકાત લીધી હતી.

**મનામા**
**નવેમ્બર 25, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.